**આંક– ૧૩**

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| કેસ દાખલ તારીખ | | | | ૨૦.૧૨.૨૦૨૨ | | | |
| કેસ પ્રાપ્ત તારીખ | | | | ૨૦.૧૨.૨૦૨૨ | | | |
| કેસ ફેસલ તારીખ | | | | ૨૫.૧૦.૨૦૨૩ | | | |
| અવધી | **૦૦** | વર્ષ | **૧૦** | માસ | **૦૫** | દિવસ | |

**ધોળકાના મહે. બીજા એડી. ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં.**

ફોજદારી કેસ નંબર ૨૬૭૪/૨૦૨૨

**ફરીયાદીઃ–** **શ્રી સરકાર.**

**// વિરુદ્ધ //**

**આરોપીઃ–** વિક્રમભાઈ કાળુભા બેલદાર

રહેવાસી – રિંઝા તા.તારાપુર, જી.આણંદ, જી. અમદાવાદ.

**બાબતઃ–** ભારતીય દંડ સંહિતાની કલમ–૩૨૩, ૫૦૪, ૫૦૬(૨) મુજબ.

==================================================

ફરિયાદ પક્ષ તરફે વિ.વ. શ્રી **વાઘેલા.**

આરોપી પક્ષ તરફે વિ. વ. શ્રી **એમ.એમ.શેખ.**

==================================================

**// ચુ કા દો //**

(૧) ફરિયાદ પક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, તા.૫.૭.૨૦૨૧ ના રોજ કલાક ૧૯.૦૦ વાગ્યે મોજે વટામણ ટોલનાકા પાસે સાહેદ કિંજલબેન નાઓએ ફરીયાદી

સાથે પ્રેમ લગ્ન કરેલ હોય જેનુ મનદુઃખ રાખી ફરીયાદીને જેમ ફાવે તેમ ગાળો બોલી ઝપાઝપી કરી મોટર સાયકલ ઉપરથી પાડી દઈ જમણા હાથે અંગુઠા ઉપર તથા છાતીના ભાગે ઈજાઓ કરી જાનથી મારી નાખવાની ધમકી આપી ગુનો કર્યા અંગેની ફરિયાદ ફરિયાદીએ સંબંધિત પો.સ્ટે.માં નોંધાવતા, સદર ફરિયાદ નોંધી લેવામાં આવેલ અને ફરિયાદ તપાસ કરનાર અમલદારને તપાસ કરવા માટે ડેપ્યુટ થતાં, તપાસ કરનાર અમલદાર દ્વારા ફરિયાદ અન્વયે તપાસ કરેલ, જેમાં આરોપીઓ સામે તપાસ કરતાં, પુરતો પુરાવો મળી આવતા, આરોપી સામે ભારતીય દંડ સંહિતાની કલમ–૩૨૩, ૫૦૪, ૫૦૬(૨) મુજબનાં ગુના અંગેનું ચાર્જશીટ રજુ કરવામાં આવેલ છે.

(૨) ફરીયાદીની સદર ફરીયાદ રજીસ્ટરે દાખલ કરી આરોપી સામે ભારતીય દંડ સંહિતાની કલમ મુજબ સમન્સ કાઢવાનો હુકમ કરવામાં આવેલો છે જેની ધોરણસરની બજવણી આરોપીને થતાં ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ –૨૦૭ મુજબ આરોપીને ફરીયાદ પક્ષના તમામ દસ્તાવેજી પુરાવાઓ વિના મૂલ્યે પુરા પાડવામાં આવેલ છે. ત્યારબાદ આંક–૬ થી તહોમતનામુ ઘડવામાં આવેલ. ત્યારબાદ આરોપીની ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ–૨૫૧ પ્લી આંક–૭ થી ૧૨ લેવામાં આવતાં આરોપીએ તેમની સામેના ગુન્હાનો સ્પષ્ટપણે ઈન્કાર કરતાં ન્યાયિક કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

(૩) ફરિયાદ પક્ષ તરફથી તેમના કેસના સમર્થનમાં નીચે મુજબના મૌખીક પુરાવાઓ રજુ કરવામાં આવેલ છે.

| ક્રમ | સાહેદો ની વિગત | સાહેદોના નામ | આંક |
|---|---|---|---|
| ૧ | ફરીયાદી | વિજયભાઈ વિનુભાઈ બેલદારની જુબાની | ૦૯ |

(૪) ફરિયાદ પક્ષ તરફથી તેમના કેસના સમર્થનમાં નીચે મુજબના દસ્તાવેજી પુરાવાઓ રજુ કરવામાં આવેલ છે.

| ક્રમ | દસ્તાવેજની વિગત | આંક |
|---|---|---|
| (૧) | ફરીયાદ | ૧૦ |
| (૨) | ગુન્હાવાળી જગ્યાનું પંચનામું. | ૧૧ |

(૫) ફરીયાદ પક્ષે પોતાનો પુરાવો પુર્ણ થયાનું આંક–૧૦ ની પુરાવા બંધની પુરસીસ આપી જાહેર કરતા આરોપીનું ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ–૩૧૩ હેઠળ વધારાનું નિવેદન રેકર્ડ કરવાની જરૂરીયાત જણાતી ના હોય વધારાનું નિવેદન રેકર્ડ કરવામાં આવેલ નથી. ત્યારબાદ ફરીયાદ પક્ષે વિ. એ.પી.પી.શ્રીને તથા આરોપી તરફે વિ. વકીલશ્રી ને સાંભળવામાં આવેલ છે.

(૬) આ કામે ફરીયાદના ન્યાય નિર્ણય માટે નીચે મુજબના મુદ્ધા ઉપસ્થિત થાય છે.

*(૧) શું ફરીયાદપક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે, તા.૫.૭.૨૦૨૧ ના રોજ કલાક ૧૯.૦૦ વાગ્યે મોજે વટામણ ટોલનાકા પાસે સાહેદ કિંજલબેન નાઓએ ફરીયાદી સાથે પ્રેમ લગ્ન કરેલ હોય જેનુ મનદુઃખ રાખી ફરીયાદીને જેમ ફાવે તેમ ગાળો બોલી ઝપાઝપી કરી મોટર સાયકલ ઉપરથી પાડી દઈ જમણા હાથે અંગુઠા ઉપર તથા છાતીના ભાગે ઈજાઓ કરી જાનથી મારી નાખવાની ધમકી આપી ભારતીય દંડ સહિંતાની કલમઃ ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨) મુજબનો ગુનો કરેલ છે?*

*(૨) શું હુકમ ?*

(૭) ઉપરોકત મુદ્દા નાં કારણો નીચે મુજબ છે.

*(૧) નકારમાં.*

*(૨) આખરી હુકમ મુજબ.*

**// ન્યાય નિર્ણય માટેનાં કારણો //**

(૮) ***મુદા નંબર ૧ ની ચર્ચા:–*** આ કામના આરોપી સામે ફરિયાદ પક્ષે પોતાનો કેસ સાબિત કરવા તપાસવામાં આવેલ આંક–૯ થી ફરીયાદી વિજયભાઈ વિનુભાઈ બેલદારે સોગંદ પરની જુબાનીમાં જણાવેલ કે, તા.૫.૭.૨૧ ના રોજ તેઓ તથા તેમના પત્ની ધોળકા આયત વુમન હોસ્પિટલમાં તેઓના પત્નીની દવા લેવા માટે આવેલા અને દવા લીધા બાદ ધોળકા બજારમાં ખરીદી કરી તેઓના માસીના દિકરા રોહિત હરીભાઈ બેલદારના ઘરે રોકાયેલ અને સાંજના સમયે મોટર સાયકલ લઇ તેઓના ગલીયાણા ગામે જવા નીકળેલા ત્યારે વટામણ ચોકડી પાસે તેમના પત્નીના મામા વિક્રમભાઈ કાળુભાઈ બેલદાર સાથે તેઓને સામાન્ય બોલાચાલી થયેલી અને બોલાચાલી દરમ્યાન મોટર સાયકલ ઉપરથી પડી જતા તેઓને જમણા હાથના અંગુઠા અને છાતીના ભાગે સામાન્ય ઈજા થયેલી. આ સિવાય બીજુ કાંઇ બનેલ નહી. આ બનાવની ફરીયાદ તેઓએ કોઠ પો.સ્ટે.માં આપેલી. જે આ કામે આંક–૧૦ થી રજૂ ફરીયાદ બતાવતા તેમાં ફરીયાદી તરીકે પોતાની સહી હોવાનું તેઓએ ઓળખી બતાવેલ તેમજ આ બનાવમાં તેઓના પત્નીને કોઇ ઈજા થયેલી નહી તેમ જણાવેલ. સદર ફરીયાદી ફરીયાદ પક્ષના કેસને સમર્થન કરતા ના હોય તેઓને વિ. એ.પી.પી.શ્રી દ્વારા ફરી ગયેલા જાહેર કરી તેઓની ઉલટતપાસ કરવા છતા તેઓએ ફરીયાદ પક્ષના કેસને સમર્થનકારક કોઇ હકીકત જણાવેલ નહી. ત્યારબાદ બચાવપક્ષના વિ.વ.શ્રી

દ્વારા સદર ફરીયાદીની ઉલટતપાસ કરવામાં આવતા તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે બનાવ સમયે સામાન્ય બોલાચાલી થયેલી. વધુમાં એ વાતનો સ્વીકાર કરેલ છે કે બાઇકને સ્ટેન્ડ કરવા જતા તેઓ નીચે પડી ગયેલ અને તેઓને ઈજાઓ થયેલી તેમજ તેઓને કોઇ અપમાનજનક શબ્દો બોલેલા નહી અને તેઓને ઘરમેળે સમાધાન થઇ ગયેલ હોવાની હકીકત જણાવેલ છે.

(૯) આમ, આ કામે ફરીયાદપક્ષે રજૂ થયેલ ફરીયાદી તેમજ સાહેદના મૌખિક તથા દસ્તાવેજી પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવે તો ફરીયાદી તેઓની સરતપાસમાં ફરીયાદ પક્ષના કેસને સમર્થન કરતા ના હોય તેઓને વિ. એ.પી.પી.શ્રી દ્વારા ફરી ગયેલા જાહેર કરી તેઓની ઉલટતપાસ કરવા છતા તેઓએ ફરીયાદ પક્ષના કેસને સમર્થનકારક કોઇ હકીકત જણાવેલ નહી. ત્યારબાદ બચાવપક્ષના વિ.વ.શ્રી દ્વારા સદર સાહેદની ઉલટતપાસ કરવા છતા તેઓને આરોપી સાથે સામાન્ય બોલા ચાલી થયેલી અને તેઓ બાઇકને સ્ટેન્ડ કરવા જતા પડી ગયેલ અને તેઓને ઈજાઓ થયેલ તેમજ તેઓને કોઇ અપમાનજનક શબ્દો બોલેલા નહી તેમજ તેઓએ એ વાતનો સ્વીકાર કરેલ કે આરોપી સાથે તેઓને રાજીખુશીથી સમાધાન થઇ ગયેલ છે. આમ, ફરીયાદી તેઓના પુરાવા દરમ્યાન વિરોધાભાસી હકીકત જણાવેલ હોય જેથી ફરીયાદપક્ષની હકીકતોને નિઃશંકપણે સમર્થન મળે તેવો કોઇ પુરાવો રેકર્ડ ઉપર આવી શકેલ નથી.

(૧૦) વધુમાં ફરીયાદપક્ષે આંક–૧૧ થી ગુન્હાવાળી જગ્યાનું પંચનામું થયેલ છે. પરંતુ, સદર પંચનામાના પંચ સાહેદોને તપાસવામાં આવેલા નથી. જેથી સદર પંચનામું પુરવાર કરવામાં ફરીયાદપક્ષ નિષ્ફળ નિવડેલાનુ ફલિત થાય છે. વધુમાં ઉપરોક્ત દસ્તાવેજોને જેમના તેમ વંચાણે લેવામાં આવે તો પણ ફરીયાદી અને સાહેદનો પુરાવો ધ્યાને લેતા ફરીયાદપક્ષની હકીકતો નિઃશંકપણે પુરવાર થતી નથી.

(૧૧) આમ, ઉપરોક્ત સમગ્ર ચર્ચાને અંતે ફરીયાદપક્ષ આરોપીઓ વિરુદ્ધનો પોતાનો કેસ નિઃશંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ હોય મુદ્દા નં.૧ નો જવાબ નકારમાં આપી મુદ્દા નં.૨ પરત્વે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## // આખરી હુકમ //

(૧) આ કામે આરોપી વિક્રમભાઈ કાળુભા બેલદાર રહેવાસી – રિંઝા તા.તારાપુર, જી.આણંદ, જી. અમદાવાદનાને ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૪૮(૧) અન્વયે ભારતીય દંડ સંહિતાની કલમ–૩૨૩, ૫૦૪, ૫૦૬(૨) મુજબનાં ગુના સબબનાં કામે પુરતા પુરાવાનાં અભાવે નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આથી આરોપીઓને આદેશ આપવામાં આવે છે કે સી.આર.પી.સી. કલમ–૪૩૭ (એ) મુજબ અપીલ સમય સુધીના રૂા.૫,૦૦૦/–જાત જામીન તથા તેટલીજ રકમના સધ્ધર જામીન હુકમની તારીખથી છ માસ માટેની સમય મર્યાદા માટે રજુ કરવા.

હુકમ આજ તારીખ–૨૫મી, માહે–ઓક્ટોબર, સને–૨૦૨૩ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખઃ– ૨૫ / ૧૦ / ૨૦૨૩. (બી.એમ.ગઢીયા)

સ્થળ – ધોળકા. બીજા એડીશનલ ચીફ જ્યુડી.મેજી.,ધોળકા

**યુનિક કોડ જીજે ૦૧૧૭૬**

આર.જે.ગોહેલ પી.એ.